શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮

Golden Health Check-up (ગોલ્ડન હેલ્થ ચેકઅપ)
Rs. 7200/- Rs. 2500/-

- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- કીડની તપાસ Urea, Creatinine, Uric Acid, Electrolytes (Na+,K+CL-), Phosphorus, Calcium
- કોલેસ્ટ્રોલ તપાસ (Cholesterol, Triglyceride), HDL, LDL, V.L.D.L. Total Lipid Profile
- લીવર તપાસ SGPT, SGOT, Bilirubin, ALP, Protein ➡ સુગર તપાસ (Diabetes) FBS, PPBS, GHB
- ન્યુટ્રીશ્યન તપાસ Vita B12, Vita D3 ➡ થાઈરોઈડ તપાસ T3 T4 TSH ➡ દાંતની તપાસ
- હૃદયની તપાસ ECG ➡ છાતીની તપાસ Chest X-Ray ➡ સંધિવા તપાસ RA Test
- યુરિન ચેકઅપ ➡ એમ.ડી. ડૉકટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)

ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલમાં આવવા માટે એમ્બ્યુલન્સ સેવા ઘર બેઠા ઉપલબ્ધ
સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેકશનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા.
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા.

પંચકર્મ - અગ્નિકર્મ - વેદનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાલા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ®
www.niramayayurveda.com
ફી-સર્ચ ફોર આયુર્વેદા



- DTRT
- ઉપનાહ સ્વેદન
- લેપન
- વેદાગ્નિકર્મ
- પંચકર્મ
- EKLપંચકર્મ
- પટ્ટબંધન
- અગ્નિકર્મ
- ક્ષારકર્મ
- વેદનકર્મ (વિદ્ધકર્મ)

ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ । e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૪ * * * સંવત ૨૦૮૩ કારતક સુદ છઠ રવિવાર ૧૫ નવેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૯૦ - અંક : 3

પાનાં ૧૦+૮ કિંમત ₹ ૬.૦૦

ભારત-ચીન સરહદે હવે વધુ સૈનિકોની તૈનાતીની જરૂર: વિદેશ મંત્રી

ચીન સરહદે ભારતે સક્રિયતા વધારી છે, ગલવાન સંઘર્ષ પછી ત્યાં ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ કર્યો હોવાનું જણાવતા જય શંકર



નવી દિલ્હી, તા. 14 (PTI): વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે જણાવ્યું હતું કે ચીન સાથેની ભારતની સરહદ વધુ સક્રિય બની છે અને તેના પર સતત ધોરણે ભારતીય સૈનિકોની ઘણી મોટી તૈનાતીની જરૂર છે. આ સાથે તેમણે સરહદી વિસ્તારોમાં માળખાગત સુવિધાઓ વધારવા માટે નવી દિલ્હીના નીતિગત અભિગમની વિગતો આપી હતી.

જયશંકરે એમ પણ કહ્યું હતું કે ૨૦૨૦માં પૂર્વી લદ્દાખની ગલવાન ખીણમાં થયેલી ઘાતક અથડામણો બાદ ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા(LAC) પર પોતાની સૈન્ય ક્ષમતાઓમાં વધારો કર્યો છે. એચટી લીડરશીપ સમિટના એક સંવાદાત્મક સત્રમાં તેમની આ ટિપ્પણી એવા સમયે આવી છે જ્યારે પૂર્વી લદ્દાખમાં ચાર વર્ષથી વધુ સમય સુધી ચાલેલા સરહદી ગતિરોધ બાદ તણાવપૂર્ણ બનેલા સંબંધોને સામાન્ય બનાવવા માટે નવી દિલ્હી અને બેઇજિંગ દ્વારા પ્રયાસો ચાલી રહ્યા છે.

તેમણે કહ્યું, "જરા છેલ્લા કેટલાક વર્ષો વિશે વિચારો. હવે તમે કેટલી વાર વાંચો છો કે - એક નવી ટનલ બનાવવામાં આવી છે, કોઈ નવો પુલ બનાવવામાં આવ્યો છે, અન્ય એક એરફિલ્ડ કાર્યરત કરવામાં આવ્યું છે. તમને આ સમાચાર વધુને વધુ વારંવાર મળી રહ્યા છે." તેમણે જણાવ્યું હતું કે, "આજે જે બન્યું છે તે એ છે કે ચીન સાથેની સરહદ એક રીતે વધુ સક્રિય બની ગઈ છે. તેના પર સતત ધોરણે સૈનિકોની ઘણી મોટી તૈનાતીની જરૂર પડી છે." તેમણે ઉમેર્યું, "હકીકત એ છે કે અમે અગાઉ જે કામ કર્યું હતું તેના કારણે ત્યાં આટલી મોટી સંખ્યામાં સૈનિકો


...અનુસંધાન પાના 5 પર

ટેકનીકલ મુશ્કેલીઓ સર્જાતા અમેરિકામાં 2000થી વધુ ફ્લાઇટો રદ કરાઇ

એર ટ્રાફિક કન્ટ્રોલ સિસ્ટમમાં ઉમેરવામાં આવી રહેલી નવી ટેકનોલોજીને કારણે જૂના સાધનો પર ભારણ વધી જતાં ગરબડો સર્જાઇ

કોમ્યુનિકેશન અને રડાર સિસ્ટમમાં વારંવાર અવરોધો સર્જાયા

અમેરિકામાં ૨૫ વર્ષની સૌથી લાંબી ગ્રાઉન્ડ સ્ટોપની ઘટના, હજારો મુસાફરો અટવાયા



વોશિંગ્ટન, તા. 14 (AP): ૨૫ વર્ષના સૌથી લાંબા દેશવ્યાપી 'ગ્રાઉન્ડ સ્ટોપ'માંથી બહાર આવવા માટે સમગ્ર અમેરિકાની એરલાઇનો મથામણ કરી રહી હતી જ્યારે શનિવારે ૨,૦૦૦થી વધુ ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. આ સ્થિતિને કારણે મુસાફરો અટવાઈ ગયા હતા અને પ્રોફેશનલ તેમજ કોલેજ સ્પોર્ટ્સ ટીમોને મુસાફરીના વૈકલ્પિક સાધનો શોધવા માટે દોડધામ કરવી પડી હતી. ટ્રમ્પ વહીવટીતંત્રના અધિકારીઓએ જણાવ્યું હતું કે દેશની એર ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમમાં ઉમેરવામાં આવી રહેલી નવી ટેકનોલોજીને કારણે જૂના ઉપકરણો પર ભારણ વધી ગયું

...અનુસંધાન પાના 5 પર

બાંગ્લાદેશ કેટલીક ખાતરીઓ આપે તો જ ભારત શેખ હસીનાની સોંપણી કરશે

એક મીડિયા અહેવાલ મુજબ શેખ હસીના બાંગ્લાદેશ પરત ફરે તે બાબતે ભારત સહમત છે પરંતુ આ ભૂતપૂર્વ વડાપ્રધાનની સુરક્ષા અને નિષ્પક્ષ ટ્રાયલ સહિતની કેટલીક ખાતરીઓ બાંગ્લા સરકાર પાસેથી માગે છે



નવી દિલ્હી, તા. 14 : બે વર્ષથી વધુ સમય પહેલા, ઢાકામાં ઉશ્કેરાયેલા ટોળાએ તેમના નિવાસસ્થાન પર હુમલો કર્યો ત્યારે બાંગ્લાદેશના પદભ્રષ્ટ વડાપ્રધાન શેખ હસીના દેશથી ભાગીને બાંગ્લાદેશી સૈન્ય વિમાનમાં ભારતની ધરતી પર ઉતર્યા હતા. હવે, હસીનાએ જાહેરાત કરી છે કે તેઓ ડિસેમ્બરમાં બાંગ્લાદેશ પરત ફરવાનો ઇરાદો ધરાવે છે. બીબીસી બાંગ્લાના અહેવાલ મુજબ, નવી દિલ્હી આ યોજના સાથે સહમત હોવાનું કહેવાય છે, પરંતુ તે ઈચ્છે છે કે અવામી લીગના વડાની સુરક્ષા અને નિષ્પક્ષ ટ્રાયલની તક માટે કેટલીક ખાતરીઓ સાથે તેમની વાપસી થાય. સમાચાર આઉટલેટે ભારતના વિદેશ મંત્રાલય અને સૈન્ય સંસ્થાપનના અનામી સૂત્રોને ટાંક્યા હતા. વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ શુક્રવારે આ અહેવાલો પર ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

ગુરુવારે પ્રકાશિત થયેલા બીબીસી બાંગ્લાના અહેવાલ મુજબ, જેને લગભગ એક ડઝન બાંગ્લાદેશી મીડિયા આઉટલેટ્સ દ્વારા પણ ટાંકવામાં આવ્યો હતો, નવી દિલ્હી

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૪-૧૧-૨૦૨૬નું સુરત શહેરનું
હવામાન

મહત્તમ	લઘુત્તમ	ભેજ
૩૫.૪° સે.	૨૦.૦° સે.	૩૬%

